આંક –૧૪૧

| સેશન્સ કેસ નંબરઃ– ૬૨/૨૦૧૭ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૨૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ઓમપ્રકાશ હિંગળાજ દાનજી ગઢવી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7016073175 |
| ઉંમર આશરે | ૫૫ | વરસની | ધંધો | નાયબ મામલતદાર એ.ટી.વી.ટી.ડીસા |
| રહેવાનુ | ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું ૨૦૧૭માં સર્કલ ઓફિસર પાલનપુર ગ્રામ્ય તરીકે ફરજ બજાવતો હતો. દક્ષિણ ડીસા પો.સ્ટે. ધ્વારા મામલતદારશ્રી પાલનપુરને ફર્સ્ટ.ગુ.ર.નં.૧૮/૨૦૧૭ના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા પત્ર મળતા. મામલતદાર સાહેબ પાલનપુરના તા.૧/૪/૧૭ના શેરા પત્રથી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી મોકલવા આદેશ આપેલ. જે કામે અમો તા.૧૨/૪/૧૭ના રોજ સદરહું ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ. મામલતદાર સાહેબને સાદર કરેલ. સદર હું જગ્યા સેજલપુરા ગામની સીમમાં સેજલપુરાથી સેમોદ્રા જવાનો કાચા નેળીયા પાસે આવેલ છે. દક્ષિણ તરફ સેમોદ્રા તરફ જતો કાચો રસ્તો આવેલો છે અને ઉતર તરફ સેજલપુરા પાકા રોડને મળતુ નેળીયુ આવેલ છે અને પશ્ચિમ તરફ ખેતરો આવેલ છે અને જે વાવેતર વગરના હતા અને પૂર્વ તરફ નેળીયાની કીનારી છોડી લીમડાના બે ઝાડ આવેલા છે અને તેની નજીક અમરતભાઈ ચેલાભાઈ પટેલના મકાનો આવેલ છે અને દક્ષિણ–પૂર્વ દિશામાં ગંગારામ જીવાભાઈ

સાહેદની સહી.............................

પટેલનુ ખેતર આવેલ છે. સદરહું નેળીયામાં કોઈ નોંધપાત્ર નિશાન મળેલ ન હતા. લીમડાના ઝાડથી પશ્ચિમ તરફ થોડી જગ્યા છોડી બોરડીનું જાડુ આવેલુ છે.જે જગ્યા જોઈ અમે નકશો બનાવેલ.

મને આંક:૧૨૫વાળી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી બતાવવામાં આવે છે, જે યાદીમાં એકજી.મેજી. અને મામલતદાર પાલનપુરની સહી અને હોદો છે, જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૧૪૨</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૨૦/૧૫વાળી ગુનાવાળી જગ્યાનો નકશો બતાવવામાં આવે છે, જે નકશો મે ગુનાવાળી જગ્યાએ જઈ મે મારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલ હતો, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૧૪૩</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી..**

**<u>આરોપી નં. તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. એમ.પી.ત્રીવેદી...</u>**

(૨) એ વાત ખરી છે કે આંક:૧૪૩વાળા નકશામાં નકશો કયા સમયે કેટલા વાગે બનાવ્યો તેની કોઈ નોંધ નથી. એ વાત ખરી નથી કે અમે કોઈ સ્થળ પર નકશો બનાવા ગયેલ નથી અને આ નકશો ઓફિસમાં બેસી નકશો તૈયાર કરેલ છે.

**<u>આરોપી નં. ૩ તર્ફે વિ.વ.શ્રી કે.જી.પઢીયાર.....</u>**

(૩) એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યા કોણે બતાવી તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે મે મારી ઓફિસમાં બેસીને આ નકશો બનાવેલો છે. એ વાત ખરી છે કે ગુનાવાળો મે જે નકશો મે બનાવેલો તે જગ્યાના ખેતરની આજુબાજુ લોકો ઘર બનાવીને ફેમીલી સાથે રહે છે.

**વિશેષ ઉલટતપાસ નથી.**

સાહેદની સહી.............................

**ફેરતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આ પ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

સાહેદની સહી .........................

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૪/૦૨/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................